# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/390 Dt. 08/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ટેક્ષટાઇલ ઉદ્યોગના દરેક સેગમેન્ટ માટે મહત્વપૂર્ણ પહેલ, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મે ૨૦૨૬માં 'ટેક્ષટાઇલ એવોર્ડ્સ'ની જાહેરાત

## ટેક્ષટાઇલ ઉદ્યોગમાં ઇનોવેશન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી કુલ ૪૫ એવોર્ડ્સ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારને સન્માનિત કરાશે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ટેક્ષટાઇલ ક્ષેત્રમાં ઉત્તમતા, નવીનતા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરવા હેતુ ચાલુ વર્ષે મે મહિનામાં વિશિષ્ટ 'ટેક્ષટાઇલ એવોર્ડ્સ'ની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત કુલ ૪૫ એવોર્ડ્સ આપવામાં આવશે, જે ટેક્ષટાઇલ ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને માન્યતા આપશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ્સ ટેક્ષટાઇલ ઉદ્યોગના વિવિધ સેગમેન્ટ્સ જેમ કે ફેબ્રિક્સ, યાર્ન, ગાર્મેન્ટ્સ, મેડ–અપ્સ, પ્રોસેસિંગ અને ડાઈંગ તેમજ ટ્રેડિંગ અને રિટેલિંગને આવરી લે છે. આ પહેલ દ્વારા તમામ મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ટેક્ષટાઇલ એવોર્ડ્સની મુખ્ય કેટેગરીઓમાં પ્રોડકટ ઇનોવેશન / બેસ્ટ અલ્ટરનેટ મટીરિયલ યુઝ હેઠળ ટેક્ષટાઇલ ઉત્પાદનમાં સસ્ટેનેબલ અને વૈકલ્પિક મટીરિયલના ઉપયોગ માટે કંપનીઓને સન્માનિત કરવામાં આવશે.

એક્સેમ્પ્લરી પરફોર્મન્સ ઇન એક્સપોર્ટર્સ કેટેગરીમાં એક્સપોર્ટ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી અને સસ્ટેનેબિલિટી અપનાવનાર સંસ્થાઓને માન્યતા આપવામાં આવશે.

આ ઉપરાંત કવોલિટી મેનેજમેન્ટમાં ઉત્તમ કામગીરી માટે ગુણવત્તા નિયંત્રણ અને સતત સુધારાની પ્રણાલીઓ અપનાવનાર સંસ્થાઓને એવોર્ડ આપવામાં આવશે, જ્યારે ટેકનોલોજી એડોપ્શનમાં ઉત્તમતા માટે આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અમલમાં મુકનાર ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

બેસ્ટ એચઆર પ્રેક્ટિસિસ (કર્મચારી કલ્યાણ) કેટેગરી હેઠળ માનવ સંસાધન વ્યવસ્થાપન અને કર્મચારી સુખાકારીમાં શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ આપવામાં આવશે. સાથે જ બેસ્ટ રિસાયકલર (ટેક્ષ્ટાઇલ સેકટર) કેટેગરીમાં સર્ક્યુલર ઈકોનોમી અને ટેક્ષ્ટાઇલ રિસાયક્લિંગમાં યોગદાન આપનાર સંસ્થાઓને સન્માનિત કરવામાં આવશે.

દરેક એવોર્ડ કેટેગરીમાં વિવર્સ, નીટર્સ, સ્પિનર્સ, ટેક્ષ્ટાઇલ ડાઈંગ અને પ્રોસેસિંગ યુનિટ્સ, ગાર્મેન્ટ ઉત્પાદકો, ટેકિનકલ ટેક્ષ્ટાઇલ ઉત્પાદકો તેમજ મેડ–અપ ઉત્પાદકો અરજી કરી શકશે. કેટલીક પસંદગીની કેટેગરીમાં ટ્રેડર્સને પણ અરજી કરવાની તક આપવામાં આવશે.

આ એવોર્ડ્સ માટે વિવિધ ક્ષેત્રોની સંસ્થાઓ પાત્ર રહેશે અને તેઓ પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે સ્પર્ધા કરી શકશે, જેનાથી ઉદ્યોગમાં ગુણવત્તા અને નવીનતાનો માપદંડ વધુ ઊંચો જશે.

ચેમ્બર ઓફ કોમર્સનો આ પ્રયાસ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં નવીનતા, ગુણવત્તા, ટેકનોલોજી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ એવોર્ડ્સ દ્વારા ઉદ્યોગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એકમો / સંસ્થાઓને સન્માનિત કરાશે અને આ બાબત અન્ય ઉદ્યોગો માટે પ્રેરણાસ્ત્રોત બનશે.